# પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૮૭,
# સોનગઢ, તા. ૧૩-૬-૧૯૬૯,
# પ્રવચન ૧૬૪, ૪૫ - ૫૧ મિનિટ

ચાલી હતી ત્યાં, રાજકોટ! એ કાંઈ જીવ વડે ભવાય છે એમ કહ્યું છે.

ત્યાં તો એમ વાત છે કે પોતાનો ભગવાન જે ધ્રુવ પરમ સ્વભાવ છે પરમ પારિણામિકભાવ... આ જ આવી ગયું પાનું, હાથમાં આવ્યું... ૩૨૦ ગાથા છે ને, એ જયસેન આચાર્યની ટીકા, એનું ગુજરાતી બનાવ્યું. રાજકોટમાં માંગણી કરી, બહુ સૂક્ષ્મ છે. બહુ સૂક્ષ્મ ભાવ છે! રાજકોટમાં માંગણી કરી તો પછી અહીંયાં (સોનગઢ) માણસને મોકલ્યો હતો (ગુજરાતી અનુવાદ માટે). હિન્દી (ટીકામાં)થી એટલી વાત ન કરી શકું અને સંસ્કૃતમાંથી (પણ) હું એટલી ન કરી શકું, ગુજરાતી હોય તો સ્પષ્ટ કરું. તો પછી ગુજરાતી બનાવ્યું (હિમ્મત)ભાઈએ. બહુ સૂક્ષ્મ છે! આઠ વ્યાખ્યાન થયા હતા. તો એમાં તો ત્યાં સુધી કહ્યું છે એમાં, જયસેન આચાર્યની ટીકા - કે ભગવાન આત્મા જે પરમ પારિણામિક ધ્રુવ સ્વભાવ છે, એ એમાં તો, એમાં તો બંધ ભાવ નહિ, મોક્ષ ભાવ નહિ, મોક્ષમાર્ગની પર્યાય નહિ, બંધના કારણરૂપ પર્યાય નહિ. આ ચાર પર્યાયથી રહિત ધ્રુવ સ્વભાવ એ આત્મા છે, આત્મા છે. ધ્રુવ સ્વભાવ એ આત્મા છે, એમ કીધું. ઉત્પાદ-વ્યય, એ પરમાર્થ આત્મા નહિ. ઉત્પાદ-વ્યય - મોક્ષની પર્યાય પણ ઉત્પાદ-વ્યય છે, મોક્ષમાર્ગની પર્યાય ઉત્પાદ-વ્યય છે, બંધ પણ ઉત્પાદ-વ્યય છે, બંધનો માર્ગ ઉત્પાદ-વ્યય છે. એ તો (એક) સમય(ની) પર્યાય છે. એ પર્યાય રહિત જે ત્રિકાળી દ્રવ્ય છે તે જીવનું વાસ્તવિક, ખરું સ્વરૂપ છે.

મુમુક્ષુ: વાહ ગુરુદેવ!

પૂજ્ય ગુરુદેવશ્રી: સમજાણું? છે ને, એમાં છે એ, હો! ઓલામાં છે. **(શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિપરિણતિ, તે-રૂપ નથી. મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતી, તે-રૂપ પણ નથી.**

એમાં છે નહિ. જયસેન આચાર્યની ટીકાની વાત છે. બહુ ઝીણી વાત છે! ઘણું સૂક્ષ્મ છે! જુઓ!

**સિદ્ધાંતમાં કહ્યું છે કે શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે.** ત્રિકાળ ભાવ, ધ્રુવ ભાવ નિષ્ક્રિય છે - એમાં મોક્ષની પર્યાયની ક્રિયા નથી, મોક્ષમાર્ગની ક્રિયા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ, ધ્રુવ નિષ્ક્રિય ધ્રુવ ચૈતન્ય છે, એમાં છે નહિ. સમજાય છે?

**પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી - એમ શ્રી જિનવર કહે છે**, (ગાથા ૬૮) પરમાત્મપ્રકાશમાં. આહાહા! અહીં તો (ગાથા ૮૭માં) ભગવાન આત્મા, અહીં તો પરથી ભિન્ન બતાવે છે હજી તો. સમજાય છે કાંઈ? હજી પરથી ભિન્ન, મારી પર્યાય મારાથી અને એની પર્યાય એનાથી, એટલું નક્કી કરતા ન આવડે; એને વિકારી અને અવિકારી

પર્યાયથી મારી ચીજ તદ્દન ભિન્ન હૈ (એ તેને કેમ સમજાય?) ભિન્ન છે દ્રવ્યસ્વભાવ, એ સમ્યગ્દર્શનનો વિષય છે. નિષ્ક્રિય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે. મોક્ષ અને મોક્ષનો માર્ગ એ બધા સમ્યગ્દર્શનનો વિષય નથી. ઘણું સૂક્ષ્મ છે.

ત્યાં તમારે **લાલભાઈ** છે ને, રાજકોટમાં. **લાલચંદભાઈ - બહુ સૂક્ષ્મ અભ્યાસી છે. બહુ સૂક્ષ્મ! બહુ સારા અભ્યાસી! સૂક્ષ્મમાં સૂક્ષ્મ માંગે ત્યાં જાઈએ તો, ઝીણામાં ઝીણી વાત લાઓ. એટલે (મેં પૂછ્યું) બોલો ભાઈ, કઈ કઈ ગાથા? તો (લાલચંદભાઈ) લખે - આ ગાથા, આ ગાથા, આ ગાથા, આ ગાથા. બહુ અભ્યાસી!**

મુમુક્ષુ: જી હા! સાર-સાર ગાથા!

પૂજ્ય ગુરુદેવશ્રી: હા, સાર-સાર, ખ્યાલ છે, ... છે ને, બહુત. પરમાત્મપ્રકાશમાંથી...**બહુ સૂક્ષ્મ અભ્યાસી. બહુ આત્માર્થી.** બહુ અંતરમાં મંથન બહુ છે. ત્યાં (રાજકોટમાં) વાંચે છે.</b> રવિવાર આવે તો આવે, પરશો। અહીં આવે છે ને, કાલે શનિવાર, કાલે શનિવાર છે ને, રવિવાર આવે તો આવે - આ રવિવારે.

અને સૂક્ષ્મ માંગે ત્યાં રાજકોટ જાયે તો.

૩૦૦ ઘર છે ૩૦૦ આપણા શ્વેતાંબરમાંથી દિગંબર થયા, ૩૦૦.

અહીં કહે છે ભગવાન, દર્પણની અવસ્થા તો પોતાથી, પોતા વડે, પોતામાં, ષટ્કારકથી થયેલી છે. એ મોરને લઈને બિલકુલ નહિ. મોરની અવસ્થા દર્પણને લઈને બિલકુલ નહિ, એ તો હજી લોકોને બેસે - ઠીક ભાઈ સાહેબ, એ તો હજી ઠીક. એટલે મોરની અવસ્થા દર્પણ ને લઈને (નહિ). પણ દર્પણમાં અવસ્થા - જો મોર ન હોય તો ન બને! તો મોર આવ્યો, તો દર્પણની અવસ્થાનું પરિણમન એને (મોરને) લઈને થયું? એના અસ્તિત્વને લઈને થયું? બિલકુલ નહિ! પોતાના તે પર્યાયના અસ્તિત્વને લઈને તે પરિણમન દર્પણમાં પોતાથી થયું છે. મોર છે માટે થયું છે, મોરનું અસ્તિત્વ સામે છે માટે થયું છે - બિલકુલ જૂઠી વાત છે. મોરની પર્યાયનું સત્, સત્ (મોર)માં; અને દર્પણની પર્યાયનું સત્, દર્પણમાં.